





# લાખણીના ગેળા અને ખેરોલા ગામની પ્રાથમિક શાળાને ગ્રામજનોએ તાળાબંધી કરી

લાખણી પંથકમાં પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા કેટલાક શિક્ષકો અને આચાર્ય બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે. ક્યાંક શિક્ષકો વાલીઓ સાથે અભદ્ર વર્તન કરી રહ્યા છે તો ક્યાંક આચાર્ય શાળામાં દારૂ પીને આવી રહ્યા છે. માટે આજે ગેળા અને ખેરોલા ગામે લોકોએ શાળાને તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો છે. લાખણી તાલુકાના ગેળા ગામની ખોડીખાદરા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો ધ્વારા વાલીઓ સાથે ઉગ્ર વર્તન કરવામાં આવી છે અને વાલીઓને જેમ તેમ બોલતા મામલો બિચક્યો છે માટે ઉગ્ર રોષે ભરાયેલા વાલીઓ ધ્વારા શાળાને તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો છે. તો બીજી તરફ ખેરોલા ગામની ભીલવાસ પ્રાથમિક શાળામાં શાળાના આચાર્ય જ શાળામાં દારૂ પીને આવી રહ્યા હોવાના આક્ષેપ સાથે ગામ લોકોએ શાળાને તાળાબંધી કરી છે અને ગામલોકો જણાવી રહ્યા છે અમે અમારા બાળકોને શારુ શિક્ષણ મળે તે માટે શાળાએ મૂકીએ છીએ પરંતુ ત્યાંના શિક્ષકોના વર્તનથી અમારા બાળકોનું ભાવિ બગડી રહ્યું છે. આ બાબતે અમે રજૂઆત પણ કરી છે છતાં પણ અમારું કોઈ ન સાંભળતા આજે અમે શાળાને તાળાબંધી કરી છે અને હવે જો તંત્ર ધ્વારા તાત્કાલિક પગલાં નહિ ભરવામાં આવે તો અમે આના કરતા પણ ઉગ્ર વિરોધ કરશું. ત્યારે તો આ બાબતે બનાસકાંઠા જિલ્લાના શિક્ષણ અધિકારીનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે હું અત્યારે ગાંધીનગર મિટિંગમાં છે અને આવીશ ત્યારે કાયદેસરની કાર્યવાહી કરીશ અને જે ખેરોલા ગામના શિક્ષકની બદલીના કાગળો તૈયાર જ છે ખાલી સહી કરવાની બાકી છે.

# ચેખલા ગામના વિદ્યાર્થીને દિયોદર પોલીસે માર મારતા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાઈ

## ખિમાણા હાઇસ્કુલમા ભણતો બળદેવ લુહાર કપડાંની ખરીદી માટે દિયોદર ગયો હતો ત્યારે બની ઘટના

કાંકરેજ તાલુકાના ચેખલા ગામનો બળદેવ અરજણભાઈ લુહાર જે ખિમાણા આવેલ માધ્યમિક શાળા મા ધોરણ ૧૦ મા અભ્યાસ કરે સે અને તારીખ ૨૦/૬/૨૦૧૮ ના રોજના બપોરના બે વાગ્યાના સુમારે સ્કુલ ચાલુ થયેલ હોઈ ગણવેશ તથા આભ્યાસ ને



લગતી સામગ્રી ની ખરીદી કરવા દિયોદર ગયેલો જ્યાં દિયોદર ના જૂના બસ સ્ટેન્ડ પાસે બે જમાદાર પોલીસ ની ગાડી લઈ આવેલા (૧)રમેશભાઈ (૨)મોડજીભાઈ નામના બંને જણાએ બળદેવ લુહાર ને ગાડી મા બેસાડી દિયોદર પોલીસ સ્ટેશન મા પાંસળ ની ઓફિસ મા લઈ જઈ સુવાડી ને માર મરેલો અને તું ચોર સે તેવું કહી માર મારવાનું ચાલુ રાખતાં બેહોશ થતાં ભાનમાં આવતાં બળદેવ એ કહેલ કે હું એક વિધાર્થી સુ અને ખિમાણા હાઈસ્કૂલ માં અભ્યાસ કરુંસુ પરંતુ પોલીસ એ વાત ના માની અને આખીરાત પોલીસ સ્ટેશન મા ગોંધીરાખી જુલમ કર્યો .કોઈ જાતની પુસપરસ કર્યા વગર ગમેતેવા ને માર મારવો એ ક્યા કાયદાના દાયરામા સે ખરા ? આમ બલદેવ અરજણભાઈ લુહાર ને દિયોદર પોલીસ કર્મીઓ દ્વારા ખોટીરીતે માર મારવા નો મામલો સામે આવતા અનેક સવાલો ઊભા થવા પામ્યા સે અને આ બાબતે બળદેવ ના પિતા એ લાંબી શોધખોળ કર્યા બાદ જાણવા મળ્યું કે દિયોદર પોલીસ બળદેવ ને ઉઠાવી ગઈ સે ત્યારે તેમના ઉપર આભફાટ્યું હતું અને તત્કાલીન પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા પરંતુ આ બળદેવ લુહાર ને પોલીસ એ મુક્ત નહોતો કર્યો અને બીજા દિવસે ૨૧/૬/૨૦૧૮ ના રોજના બપોરના જામીન ઉપર મુક્ત કર્યો હતો ત્યારે તેની તબિયત વધુ લથડતા શિહોરી સરકારી હોસ્પિટલ મા સારવાર કરાવી પાટણ ધારપૂર મેડિકલ કોલેજ ખાતે વધુ સારવાર માટે ખસેડવા મા આવ્યો હતો અને ત્યાંથી પ્રાઈવેટ દવાખાના મા ડોકટર હીનય બારોટ ના દવાખાના માં સારવાર હેઠળ સે અને આમ એક વિધ્યાર્થી ને ચોર સમજી માર મારવો એ પોલીસ માટે આ કિસ્સો લાલ બત્તી સમાન સે ત્યારે બળદેવ ના પિતા અરજણભાઈ દેવશીભાઈ લુહાર રહે .ચેખલા તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠા વાળા એ નાયબ પોલીસ અધિક્ષક દિયોદર .ગ્રુહ સચિવ ગાંધીનગર .ગ્રુહ મંત્રી ગ્રુહ વિભાગ ગાંધીનગર અને પ્રમુખ માનવ અધિકાર મિશન ગુજરાત રાજ્ય ગાંધીનગર ને ફેક્સ દ્વારા જાણ કરી હતી અને બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અને પી એસ આઈ દિયોદર ને પણ આ બાબતનો તાત્કાલિક તપાસો કરી ન્યાય આપવા અપીલો કરવા તજવીજ હાથ ધરવામાં આવી સે આમ એક નિર્દોષ વિધાર્થી ને ઢોર માર મારી લોકઅપ માં રાખી જુલમ ગુજારનાર પોલીસ કર્મીઓ ઉપર તાત્કાલિક પગલાં ભરવા વિધાર્થી બલદેવ લુહાર ના પિતા અને કુટુમ્બીજનો ની માંગ સે ત્યારે હવે આ બને પોલીસ કર્મી (૧)રમેશ (૨)મોડજી સામે જિલ્લાના પોલીસવડા કેવા પગલાં ભરશે એ જોવું રહ્યું

# દાંતીવાડાના ભાખર ગામે ભત્રીજાએ કાકાનું ઢીમ ઢાળી દેતાં ચકચાર

## ઠંડા કાળજે કાકાની હત્યા કરી ફરાર ભત્રીજાને ઝડપી લેવાના ચક્રો ગતિમાન

ડીસા

બનાસકાંઠા જીલ્લામાં હત્યાઓના વધતા જતા બનાવો વચ્ચે દાંતીવાડા તાલુકાના ભાખર ગામમાં સગા ભત્રીજાએ પોતાના કાકા પર હુમલો કરી તેમની કરપીણ હત્યા કરી દીધી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટના પાછળ નાણાંની લેતી દેતી કારણભૂત હોવાનું જાણવા મળી રહ્યું છે.

સબંધોને લજવાડતી આ ઘટનામાં બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા તાલુકાના ભાખર ગામમાં સગા ભત્રીજાએ નાણાંની લેતીદેતી મામલે પોતાના સગા કાકાની જ ધારિયું મારીને હત્યા કરી દઈ પારિવારિક સંબંધોને કાળી ટીલી લગાવી છે. ભાખર ગામમાં રહેતા



જેસલસિંહ વાઘેલા અને તેમના ભત્રીજા મહિપતસિહ વાઘેલાના ખેતરો એકબીજાને અડીને આવેલા છે. ત્યારે ગત બુધવારે રાત્રે મહિપતસિંહ વાઘેલાએ પૈસાની ઉઘરાણી કરતા જેસલસિંહ વાઘેલાએ પૈસા આપવાની ના પાડી હતી જેથી તકરાર પર ઉતરી આવેલા મહિપતસિંહ વાઘેલાએ જેસલસિંહ વાઘેલાને માથાના ભાગે ધારિયાનો ઘા કરતાં જેસલસિંહ વાઘેલાને ગંભીર ઈજાઓ થઈ હતી અને સારવાર માટે ખસેડવામાં આવે તે પહેલા જ વધુ પડતું લોહી વહી જતા તેમણે ઘટનાસ્થળ પર જ દમ તોડી દીધો હતો. બાદમાં તેમના મૃતદેહને ડીસાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડાયો હતો. આ ચકચારી ઘટનામાં સગા કાકાની હત્યા કર્યા બાદ હત્યારો ભત્રીજો ફરાર થઈ ગયો હોઈ દાંતીવાડા પોલીસે આરોપી મહિપતસિંહ વાઘેલા સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે નાણાંની સામાન્ય લેવડ દેવડ મામલે ઉશ્કેરાટમાં સગા કાકાની હત્યા કરી દેવાતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને હત્યારા ભત્રીજા સામે ફિટકાર વરસી રહ્યો છે.

# ડીસાના ભડથ ગામમાં છોકરાં ઉપાડવા આવ્યા હોવાની શંકાથી પરપ્રાંતીય ઈસમોની ધોલાઈ

ડીસા

રાજયના વિવિધ શહેરોમાં બાળકો ઉઠાવી જતી ગેંગ સક્રીય બની છે, પોતાના બાળકોને



સલામત રાખવા, અજાણ્યા લોકોને ઘર પાસે ન ફરકવા દેવા વગેરે જેવી બાબતે સોશ્યલ મીડીયામાં મેસેજ વાયરલ થતાં સમગ્ર રાજયમાં ઉચાટભરી સ્થિતી સર્જાઈ ગઈ છે. ત્યારે બનાસકાંઠાના ડીસા તાલુકાના ભડથ ગામમાં પણ આવી જ અફવાના પગલે પરપ્રાંતીય ઈસમો મારપીટનો ભોગ બન્યા છે. ડીસા તાલુકાના ભડથ ગામના રહીશોએ મહારાષ્ટ્રના પુનાના ચાર શખ્સોને વગર વાંકે ધોઈ નાંખ્યા છે.આ ઈસમો અજમેરથી પાલનપુર જઈ રહ્યા હતા તે દરમ્યાન ટૂંકો રસ્તો સમજી ભડથ ગામમાંથી તેમના મોટર સાયકલ સાથે નીકળ્યા હતા.જે દરમ્યાન તેમને એક ટ્રક ચાલક સાથે તકરાર થઈ હતી. આ તકરાર બાદ આ ચારેય શખ્સો છોકરા ચોરવા આવેલા હોવાનું સમજી ગ્રામજનો રીતસર તેમના પર તૂટી પડ્યા હતા. આજકાલ શોશિયલ મીડિયામાં ચાલી રહેલી બાળકો ઉઠાવી જવાની અફવાઓથી પ્રભાવિત થયેલા ભડથ ગામના લોકોએ આ ચાર પરપ્રાંતીય યુવકોને બરાબરનો માર માર્યો હતો. જો કે સમયસર પોલીસ આવી જતા આ લોકોનો જીવ બચી ગયો હતો. ભડથ ગામમાં ઘેરાઈ ગયેલા આ ચાર શખ્સોની આસપાસ મારો...મારો.. અને કાપો.. કાપો..ની જ ચીસો સંભળાતી હતી. બેકાબુ બનેલા લોકોએ બેરહેમીથી આ પરપ્રાંતીય યુવકોની ધોલાઈ કરી હતી.

આ ચારેય યુવકોને ગામના લોકો બેરહેમીથી માર મારી રહ્યા હતા. તે દરમ્યાન પોલીસ પહોંચી



જવા છતાં લોકોએ પોલીસની હાજરીમાં પણ ચાર યુવકોને મારવાનું ચાલુ રાખ્યું હતું. અને આ ચાર લાચાર યુવકો માત્ર બચાવો... બચાવો...ની બુમો પાડતા રહ્યા હતા. બાદમાં પોલીસે મહામુસીબતે આ ચાર યુવકોને બચાવી ડીસા તાલુકા પોલીસ મથકમાં ખસેડયા હતા. જોકે ભડથ ગામના લોકોએ ડીસા તાલુકા પોલીસ મથકે જઈ આ શખ્સો બાળક ચોર હોવાનો દાવો કર્યો હતો.જોકે પોલીસે આ ચારેય શખ્સોની પૂછપરછ કરતા તેઓ મહારાષ્ટ્રના પુનાના વતની મન્સુર યુસુફ ઈરાની, શકુબ જાનશા ઈરાની, હુસૈન જાનશા ઈરાની અને જાવેદ હુસૈન ઈરાની હોવાનું જાણવા મળ્યું હતું આ ચાર ઈસમો અજમેરથી પાલનપુર જઈ રહ્યા હતા એ વખતે રસ્તો ભૂલી જતા ભડથ ગામમાં પહોંચી ગયા હોવાની વિગતો ખુલતા પોલીસે આ ઈસમોને સારવાર અપાવી સલામત રીતે વતન પહોંચતા કરવાની તજવીજ હાથ ધરી હતી.

શોશિયલ મીડિયા પર ચાલતી અફવાઓ ધડ માથા વગરની હોય છે અને તેની સત્યતા સામે હંમેશા સવાલો ઉભા થતા રહે છે.. પરંતુ શોશિયલ મીડિયાના વધતા જતા ઉપયોગથી લોકો આવી ખોટી માહિતીને પણ આગની જેમ ફેલાવી દેતા હોય છે.. ત્યારે આવી ખોટી માહિતીના લીધે ઘણીવાર નિર્દોષ લોકોને અત્યાચારનો ભોગ બનવાની નોબત આવતી હોઈ લોકો પણ શોશિયલ મીડિયામાં આવતા મેસેજની સત્યતા ચકાસ્યા બાદ જ અન્ય લોકોને શેર કરે તે ઈચ્છનીય છે.

# હિંમતનગરમાં જ્વેલર્સ અને કાપડના શૉ રૂમમાં ચોરી

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીના બનાવો વધી રહ્યો છે. ત્યારે પોલીસ માટે આ પડકારરૂપ છે. દરમિયાન મંગળવારે રાત્રે શહેરના ગાંધી રોડ પર આવેલ એક જ્વેલર્સના તથા કાપડના શૉરૂમમાં અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરીને અંદાજે રૂ. ૧૦.૪૯ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. ઉપરાંત આ શખ્સોએ આજ વિસ્તારમાં આવેલ અન્ય એક કાપડની દુકાનમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો જે અંગેની ફરીયાદ બુધવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પોલીસ સૂત્રોના જણાવાયા મુજબ ગાંધી રોડ પર આવેલ પાયલ જ્વેલર્સમાં મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પાછળની દિવાલમાં આવેલ બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશીને તેમણે સૌપ્રથમ જ્વેલર્સના શૉરૂમમાં રખાયેલ સીસીટીવી કેમેરાને અવળી દિશામાં ફેરવી નાખ્યા હતા. ત્યારબાદ આ શખ્સોએ સોના-ચાંદીના દાગીના તથા રૂ. ૨.૨૫ લાખ રોકડ મળી અંદાજે રૂ. ૧૦.૪૯ લાખની ચોરી કરીને જ્વેલર્સના શૉરૂમના ધાબે જઈને આજુબાજમાં આવેલ કાપડના સંસ્કૃતિ અને મીઠાલાલ પેલેસમાં ચોરી કરવાના ઈરાદે પ્રવેશ્યા હતા. જ્યાંથી સંસ્કૃતિ નામના કાપડના શૉરૂમના ટેબલના ડ્રોઅરમાંથી રૂ. ૩૦૦૦ હજાર રોકડ ચોરી ગયા હતા. જો કે આ અજાણ્યા શખ્સોને મીઠાલાલ પેલેસમાંથી કશુ હાથ લાગ્યુ ન હતુ.

બીજી તરફ બુધવારે શહેરના ભરચક ગણાતા ગાંધીરોડ પર ચોરી થતા બજારમાં તરેહતરેહની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી.



ખેડબ્રહ્મામાં માં અંબાના દર્શન કરવા માટે વહેલી સવારથી જ ભક્તોની લાંબી લાઈનો લાગી ગઈ હતી મોટી સંખ્યામાં ભક્તો એ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# પ્રાંતિજ સહિત તાલુકામાં પાટીદારો દ્વારા શહિદ યાત્રાનું ઠેર- ઠેર સ્વાગત

પ્રાંતિજ તા.૨૮

ઉંઝા ઉમીયા માતાજી ના મંદિર થી નિકળેલ રેલી આજે સાબરકાંઠા ના પ્રાંતિજ તાલુકાના નનાનપુર ખાતે આવી હતી અને શહિદ યાત્રા માં હજારો ની સંખ્યા માં



પાટીદારો જોડાયાં હતાં તો બાઈકો અને ગાડીઓના વિશાળ કાફલા સાથે પ્રાંતિજ સહિત તાલુકામાં રેલી નિકળી હતી.

ગુજરાત વિધાનસભા ની ચુંટણી બાદ લગભગ મંદ પડી ગયેલું પાટીદાર અનામત આંદોલન પાટીદાર શહિદ યાત્રા થી ફરી થી ચર્ચામાં આવતાં રાજકારણ માં ગરમાવો ઉભો થયો છે પાટીદાર અનામત આંદોલન દરમિયાન શહિદ થયેલાં ૧૪ પાટીદારો ના વારસદારો ને યોગ્ય વળતર મળે , દમન કરનાર દોષિતોને કડક સજા થાય અને પાટીદારો ને બંધારણીય અનામત મળે તેવી માંગણીઓ સાથે પાટીદાર આંદોલન ની માંગ કરી એકવાર બુલંદ કરવામાં આવી છે જેમાં નનાનપુર , સોનાસણ , પોંગલુ , વદરાડ , પ્રાંતિજ , કમાલપુર , અનવપુરા , ઓરાણ , મજરા સહિત ધડકણ ખાતે શહિદ રેલી નુ તાલુકામાં સમાપન થયું હતું તો પાટીદારો દ્વારા ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જીલ્લાના પત્રકારો સાથે પ્રાંત અધિકારીની વર્તણુક અંગે રજુઆત

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ પ્રજાજનો સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરતા હોવાની અને મનફાવે તેમ ફરજ બજાવતા હોવાની અનેક બૂમો ઉઠી છે. ત્યારે ચોથી જાગીરી ગણાતા અને અરવલ્લી જીલ્લાના પ્રજાજનોના પ્રાણ પ્રશ્નોને વાચા આપતા પત્રકારો સાથે ભિલોડાની બુઢેલી નદી અને હાથમતી નદી ગાંડીતુર બનતા અને આજુબાજુના ગામડાઓને એલર્ટ જાહેર કરતા આ અંગે ભિલોડા મામલતદાર કચેરીમાં હાજર પ્રાંત અધિકારીએ ગેરવર્તુણક કરતા અને ઉદ્ધતપૂર્વક હડધૂત કરતા પત્રકારો સમસમી ઊઠ્યાં હતા. પત્રકારોએ સમગ્ર ઘટના અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીને અને જિલ્લા કલેક્ટર એમ.નાગરાજનને ઈમેલ દ્વારા જાણ કરી સરકારની છબી ખરડાતા અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવા માટે રજુઆત કરી હતી.

શામળાજી જતા માર્ગ ઉપર બુઢેલી પુલ પરથી પાણી વહેતા ચાર કલાક જેટલો સમય ટ્રાફિક બંધ થઈ જતા આ અંગે ભિલોડા મામલતદાર કચેરી એ વહીવટીતંત્રની કામગીરી અને ભિલોડા પંથક સહીત ઉપરવાસમાં પડેલા વરસાદથી બંને નદીઓ ગાંડીતુર બની બે કાંઠે વહેતા બંને નદીની આજુબાજુ વસતા ગામડાઓને અલર્ટ જાહેર કરવાની માહિતી પ્રાપ્ત થતા આ અંગે મીડિયા મારફતે લોકો સુધી સાચી માહિતી પહોંચે અને લોકો મુશ્કેલીમાં ન મુકાય તે માટે ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો સરકારના પ્રતિનિધિત્વ પાસે ઈન્ટરવ્યુ માટે ભિલોડા મામલતદાર કચેરીમાં પહોંચતા મામલતદાર ઓફિસમાં હાજર પ્રાંત અધિકારી ઈલાબેન આહીર દ્વારા મીડિયાને જણાવ્યું કે એ તમારો પ્રશ્ન છે અમારે કોઈ ઈન્ટરવ્યુ નથી આપવું સદર બાબતે મીડિયાને તાત્કાલિક બહાર જવાનું જણાવી અમને રૂટિન કામ કરવા દો કહી મીડિયા વહીવટીતંત્રની હંમેશા સાથે રહેતું હોવા છતાં ઉડાઉ જવાબો આપી બહારકારી અપમાન કરતા પત્રકારો સમસમી ઉઠ્યા હતા અને પત્રકારો સાથે પ્રાંત અધિકારી ઈલાબેન ચૌહાણ કરેલ અસભ્ય વર્તન કરતા પત્રકારોએ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને જિલ્લા કલેક્ટર એમ.નાગરાજનને ઈમેલના માધ્યમથી રજુઆત કરી સરકારની છબી ખરડાતા અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીને રૂબરૂ રજુઆત પણ કરવામાં આવશે હોવાનું પત્રકાર અગ્રણીઓએ જણાવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લા બેંકના ડીરેક્ટર તરીકે ચૂંટાયા

ખેડબ્રહ્મા, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરના બોર્ડ ઓફ ડીરેક્ટરની ચૂંટણી માટે પ્રાંત અધિકારી, પ્રાંતિજ સાબરકાંઠા દ્વારા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં બેંકના જુથ-૭માં ખેડબ્રહ્મા/પોશીના તાલુકાની બેઠક ઉપરથી ખેડબ્રહ્મા સેવા મંડળીના ચેરમેન શાંમળભાઈ સવજીભાઈ પટેલનું એક માત્ર ઉમેદવારી ફોર્મ ભરાતા ચૂંટણી અધિકારીએ તેઓને બેંકના ડીરેક્ટર તરીકે બીનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

શાંમળભાઈ પટેલ સતત બીજી ટર્મ માટે ચૂંટાતા ખેડબ્રહ્મા બજાર સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ સહકારી જીનના ચેરમેન પરસોત્તમદાસ પટેલ, સંઘના ચેરમેન વસંતભાઈ પટેલ, સાબરડેરીના ડીરેક્ટર રામાભાઈ પટેલ તથા ખેડબ્રહ્મા સેવા મંડળીના વા. ચેરમેન નટવરભાઈ પટેલ સહીત તાલુકાના સહકારી અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા.